2/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા

પાના ૩૨

વર્ષ - ૨ ● અંક -૨૫૪ ● સળંગ અંક - ૫૪૪ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org

નવીનાળના વિનોદ વોરા ઉ. ૫૮ માંદગીથી અવસાન પામેલ છે. મા. તેજબાઈ શીવજીના પૌત્ર. રસીલા રામજીના પુત્ર. વિણાના પતિ. પ્રિનલ, નેવિલના પિતા. દેશલપુરના કેયુર કાંતીલાલ, કોમલના સસરા. કાર્વી, સ્વરાના દાદા. સરોજ, જયંત, લતા, સ્વ. નીતાના ભાઈ. ભીંસરાના ભુપેન્દ્ર મુરજી, પત્રીના હીતેશ જાદવજી, બેરાજાના અમૃતલાલ શામજીના સાળા. ભાવનાના જેઠ. ભવિષા જય, હીરલ પરીન, જીલના કાકા. હાર્દિક, કરણ, ઈશીતાના મામા. કપાયાના દેવકાંબેન ધનજી ભેદાના દોહીત્ર. લક્ષ્મીબેન કુંવરજીના ભાણેજ. ભુજપુરના હેમકુંવર લખમશીના જમાઈ. દિનેશ, દીલીપ, લતા, નીતાના બનેવી. જયવંતી, નમ્રતાના નણંદોઈ. તલવાણાના લહેરચંદ દેવજી, નવીનાળના નીતીન ટોકરશીના સાઢુ. જતીન, નીશા, હસ્તી, સૌરભ, જુગલના ફુઆ. લેખેન્દ્ર, ચાર્મી, અંકિત, સ્વ. પુર્વીના માસા. નવીનાળના પુરબાઈ ગગુભાઈ, લક્ષ્મીબેન મોણશી, કેસરબાઈ ભાણજી, મુંદ્રા હાલે નવિનાળના દેમુબાઈ દેવશી, ના. ભાડીયાના નેણબાઈ શામજી, કાંડાગરાના ઉમરબાઈ માવજી, બિદડાના નાનબાઈ હેમરાજના ભત્રીજા. નવિનાળના લક્ષ્મીબાઈ ખીમજી વીરજીના દોહીત્રી વર. દેશલપુરના જયવંતીબેન કાંતીલાલ, મો. આસંબીયાના બિનાબેન વિજયના વેવાઈ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સં. કરસન લધુ નિસર હોલ, દાદર. ટા. ૪ થી ૫.૩૦. ઠે. વિનોદ વોરા, ૬, શાહ મેન્શન, કોલેજ લેન, દાદર, મું. ૨૮. મો. ૮૦૮૨૧૦૪૭૭૭.

4/1/1 -------- (1-5)

કોટડા રોહાના હીરજી પચાણ ગાલા ઉ.વ. ૭૯ અવસાન પામેલ છે. સ્વ. મઠાબાઈ પચાણના સુપુત્ર. દેવકાંબેનના પતિ. કીર્તી, રેખા, દિમીના પિતાજી. રીના (રક્ષા), દેશલપુરના લલીત રવજી, ભુજપુરના યોગેશ મુલચંદના સસરા. યશના દાદા. પ્રણાલી, સ્મિત, લયના નાના. દેવપુરના મંજુલા વિશનજીના પિતાતુલ્ય. કોટડાના માવજી, કાનજી, મુરજી, દેવાંબાઈ, આસબાઈ, પુરબાઈ, શાંતાબેનના ભાઈ. નરેડીના રાણબાઈ પાસુ લધાના જમાઈ. હીરબાઈ, લક્ષ્મી, નરેડીના ઠાકરશી ગોવરના બનેવી. પુરબાઈના દિયર. લક્ષ્મીબેન, મંજુલાના જેઠ. દેવપુરના લાલજી મણશી, ગઢના મોહન શામજી, શેરડીના તલકશી ભાણજી, લખમશી મેઘજીના સાલ. કોટડાના હીરજી મણશી, ધીરેન્દ્ર વેરશીના સાઢુભાઈ. મોથાળાના મુલબાઈ લાલજી દેવજીના દોહીત્ર. કોટડાના ખીમજી રવજી, નેણશી નાગશીના ભત્રીજા. તેજબાઈ શામજી, ભચીબાઈ કુંવરજી, ડુમરાના જેતબાઈ ભુલાના ભત્રીજા. કોટડાના વેલજી પાંચારીયાના દોહીત્રીવર. ગુંદાલાના દમયંતી મણીલાલ, દેશલપુરના ચંદ્રીકા રવજી, ભુજપુરના કંચન મુલચંદના વેવાઈ. પ્રાર્થના : ૪ થી ૫.૩૦. સ્થળ : યોગી સભાગૃહ, દાદર (ઈ.) **ચક્ષુદાન કરેલ છે.** ઠે. હીરજી પચાણ ગાલા, ૭૩, ચીત્રા એપાર્ટમેન્ટ, ગોકુલદાસ પાસ્તા લેન, દાદર (ઈ.), મું. ૧૪. મો. કીર્તી-૯૮૨૦૦૮૪૪૮૭, રીના-૯૯૨૦૦૮૪૪૮૭.

4/1/1 -------- (1-5)

બિદડા (વીચ્છી ફરીયો)ના પ્રભાબેન ઉ.વ. ૭૪ ટુંકી માંદગીથી દેહ ત્યાગ કરેલ છે. ગાંગજી (ગીરીશ) રતનશી વોરાના ધર્મપત્ની. દેવકાંબાઈ રતનશી જેવત વોરાના પુત્રવધુ. નાગજીના ભાભી. મીનાના જેઠાણી. હેતલ ચીરાગના કાકી. ભુજપુરના દેવકાંબાઈ મોણશી વેરશીની પુત્રી. મોણશી ખેતશીની ભત્રીજી. વાંઢના સાકરબાઈ ગાંગજી ઝવેરબેન ગાંગજી, તુંબડીના પ્રભાબેન વૃજલાલ, વાંકીના રંજન શાંતીલાલ, લાખાપુરના મધુરી જીતેન્દ્રના ભાભી. બિદડાના નાનજી, વીરજી જેવત, ગાંગબાઈ શામજી ઉમરશી, કાંડાગરાના લક્ષ્મીબેન મેઘજીના ભત્રીજા વહુ. રાયધણજરના નિર્મળા પ્રવિણ, બિદડાના પુષ્પા શાંતીલાલ ખારૂઆના મંજુલા લક્ષ્મીચંદ તથા ડો. ગુણવંતી મોણશીના મોટા બેન. કાંડાગરાના કાનજી દેવજીના ભાણેજી. કલ્યાણજી, નાગજી, નિર્મળાના કુઆઈ બેન. ગેલડાના રતનબેન હીરજી, હાંસબાઈ ભાણજીના ભત્રીજી. નિખીલના માતુતુલ્ય. ગુંદાલાના ચારૂલ મેહુલ, તેજલ, બિદડાના પીંકી જીતેશ, બીનલના માસી. તલવાણાના ધીરજ દેવજી રાંભીયાના બેન તુલ્ય. ભદ્રેશ, ભાવના, હેતલ, આશીષ, તિમિર, જીજ્ઞા, કિંજલ, નમ્રતા, ધવલના મામી. **પ્રાર્થના રાખેલ નથી.** સદ્‌ગતના આત્માની શાંતિ અર્થે બાર નવકાર ગણવા. ઠે. નિર્મળા ગડા, સની સ્ટેટ-૨, બી-૨૦૪, સાયન ટ્રોમ્બે રોડ, ચેમ્બુર, મું. ૭૧. ઘર ફોન-૨૫૨૨૩૬૨૦, મો. ૯૫૮૬૩૧૨૬૩૨.

4/1/1 -------- (1-5)

ભુજપુરના માતુશ્રી ઝવેરબેન શામજી (બાબુભાઈ) ગડા ઉ.વ. ૮૫, તા. ૨-૨ના અવસાન પામેલ છે. કુંવરબાઈ, કેસરબાઈ મુરજી ચાંપશીના પુત્રવધુ. દેવકાબેન દેવજી ચાંપશીના ભત્રીજા વહુ. મનસુખ, મહેન્દ્ર, વિનોદના માતુશ્રી. ભાનુમતી, અરૂણા, ભાવનાના સાસુ. બ્રિજેશ, રોહન, શ્વેતા, આદિત્યના દાદી. પુજા, શ્રધ્ધા, મિલીંદના દાદી સાસુ. નીવ, કબીર, કાયરાના મોટા દાદી. દેશલપુર સાકરબાઈ હીંમતલાલ શામજી, ગુંદાલા ઝવેરબેન નાનજી કુંવરજીના ભાભી. ઝવેરબેન વિશનજી, વિમળા કાંતીલાલ, ગુણવંતી જયંતીલાલ, ઉર્મીલા નવિન, શાંતા પ્રવિણ, મંજુલા અરવિંદના જેઠાણી. ભુજપુર પાનબાઈ શામજી રતનશી ગોગરીના પુત્રી. લાલજી (બચુભાઈ), દેવચંદ, ભુજપુર જીવીબાઈ ખીમજી, પત્રી નિર્મળા રતનશીના બેન. લક્ષ્મીબેન, ઝવેરબેનના નણંદ. નાની તુંબડી ધારશી ચાંપશી સાવલા, ભુજપુરના મેઘજી હીરજી છેડાના દોહીત્ર વહુ. લુણી ગંગાબેન આસારીયા માલદે, ભુજપુરના પ્રભાવતી રામજી મોતા, ગુંદાલા પન્નાબેન પ્રેમજી દેઢીયાના વેવાણ. વંથલીના બીના મહેન્દ્ર મહેતા, કોડાયના વર્ષા સુનીલ શાહ, ભુજપુરના નલીની પંકજ દેઢીયાના મોટા વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** ફોન સંપર્ક રૂબરૂ તુલ્ય. નિવાસ : ઝવેરબેન શામજી ગડા, ૩૦૫, ઈન્દ્ર ટાવર, કાકા સાહેબ ગાડગીલ માર્ગ, દાદર (પ.), મું.૨૫. મો. મનસુખ-૯૮૬૯૦૬૪૯૨૯, મહેન્દ્ર-૯૮૨૦૧૪૨૯૩૧, વિનોદ-૯૮૬૯૨૭૨૮૯૯.

4/1/1 -------- (1-5)

શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

ભાવપુર્ણ શ્રધ્ધાંજલી

ગુંદાલા

મુલુંડ

શ્રી ચીમન ભવાનજી સંગોઈ

શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન – મુંબઈના કાર્યવાહક સમિતિમાં વર્ષ ૧૯૯૬ થી ૨૦૧૪ (૧૮ વર્ષ) અને સયુંક્ત ખબર પત્રિકામાં વર્ષ ૧૯૯૯ થી ૨૦૦૮ દરમ્યાન એક સનિષ્ઠ, જાગૃત અને કુશળ સભ્ય હતા. મહાજનશ્રી સંચાલિત શાળાઓમાં વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૮ અને ૨૦૧૧ થી ૨૦૧૪ દરમ્યાન શાળાના માનદ્‌મંત્રી હતા.

સમાજની અનેક પ્રતિષ્ઠીત સંસ્થાઓને તેમની સેવા અને કાર્યકુશળતાનો લાભ મળેલ છે.

પરમ કૃપાળુ પરમાત્મા તેમના કુટુંબીજનોને આ વિરહ સહન કરવાની શક્તિ આપે અને એમના આત્માને ત્વરિત મોક્ષગામી બનાવે એવી પ્રાર્થના.

લિ. ટ્રસ્ટીગણ, અધિકારીગણ અને કાર્યવાહક સમિતીના સર્વે સભ્યો

શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન – મુંબઈ

બાંભડાઈના લક્ષ્મીબેન વેરશી છેડા ઉ.વ. ૯૦ ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. વેરશી કોરશીના ધર્મપત્ની. દેવાબાઈ કોરશી હીરજીના પુત્રવધુ. સાભરાઈના હાંસબાઈ નાગજી શીવજીના સુપુત્રી. લાલજી કોરશીના ભાભી. મોઘીબેન લાલજીના જેઠાણી. સાભરાઈના સ્વ. હીરબાઈ ધનજી, હાલાપુરના સ્વ. દેવકાંબેન જેઠમલના ભત્રીજી. ગીતા પ્રેમજી, નિલમ મણીલાલ, ચંદન કિશોર, મનીષા મુકેશ, ઝવેર, લીલાવંતીના મોટા મા. ચીયાસરના વિલાસ હીરજી, ઉનડોઠના ગાંગજી પેથરાજના મોટા સાસુ. સાભરાઈના ધનજી શીવજીના સાલના ઘરેથી. મધુબેન આણંદજી, કસ્તુર કલ્યાણજી, વર્ષા વસંત, ડુમરાના લક્ષ્મીબેન કેશવજીના કાકાઈ બેન. હાલાપુરના ભચીબેન જેઠાલાલ, મો. રતડીયાના સુંદર પ્રેમજી, ઉનડોઠના હેમલતા ભવાનજી, મણશી, કુંવરજી, શાંતીલાલ, જ્ઞાનચંદના મામાઈ બેન. સાભરાઈ તેજબાઈ ભાણજી, મંજલ રેલડીયાના નાથબાઈ હીરજી, રાયધણજરના રાજબાઈ કોરશીના ભાણેજી. નારાણપુરના જેતબાઈ રવજીના દોહીત્રી. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. મણીલાલ, બી-૦૬, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (ઈ.) ૪૨૧૨૦૪. મણીલાલ-મો. ૯૯૮૭૮૮૭૫૮૬.

4/1/1 -------- (1-5)

પ્રેસ તરફથી સુધારો : શ્રી જોગેશ્વરી સ્થાનકવાસી જૈન સંઘ બંધુ બેલડી ગુરૂદેવનો સંભવિત વિહાર કાર્યક્રમ

પૂ. ગુરૂદેવ તા. ૨ થી ૪નાં ભાયંદર (વે.) તા. ૫ના વસઈ, તા. ૬,૭ નાલાસોપારા તા. ૮ના વિરાર પધારવાનાં ભાવ રાખે છે. પૂ. ગુરૂદેવ ચેતનમુનિજીનો ૫૨મી જન્મજયંતિ તા. ૨૩ના ચિંચણ મુકામે આરાધના પૂર્ણ મનાવવામાં આવશે. પૂ. ગુરૂદેવનો વિહાર સુખરૂપ થાય શાસનપ્રભાવના કારી બની રહે એવી શુભેચ્છા. લી. લખમશી કાંથડ ગડા.

1/1/1 -------- (1-5)

।। નેત્રદાન માટે મૃત્યુબાદ તુંરત સંપર્ક કરો ।।
તરૂણ મિત્ર મંડળ-૧૯૧૯/૯૩૨૧૨૧૧૯૧૯

યાદ છે ને ?

જીવન દરમ્યાન નીયમિત રક્તદાન અને જીવનના અંતે નેત્રદાન અને ત્વચાદાન કરવુ જ રહ્યું ! નોંધી રાખો : ૯૩૨૧૨૧૧૯૧૯ લિ. તરૂણ મિત્ર મંડળ જા.સૌ. માતુશ્રી રતનબેન મણીલાલ નાનજી છેડા (કાંડાગરા-દાદર)

2/1/1(20) -------- (A-25153)(1-5)

જીવદયા અનુદાન

શ્રી ભુજપુર પાંગળાપોળ- સ્થાનિકે આવેલ દાન દાતાશ્રીઓનો આભાર - ૨૫૦૧૩૪૩૭

૫૫૦૦/- શ્રી પોપટલાલ વેરશી દેઢિયાના અનશન વ્રત નિમિત્તે-ભુજપુર

● ૫૦૦૦/- દિપક વેલજી રાજગોર-ભુજપુર, ૪૦૦૦/- તુલસીદાસ વૈદ્ય -કેરા, ૩૫૦૦/- શિવ શક્તિ ઓટો એડવાઝર-ભુજપુર, ૨૧૦૦/- શ્રીમતી માલતીબેન નવનીભાઈ-મુંબઈ, ૧૫૦૦/- શ્રી રામકૃષ્ણ હરિ-ભુજપુર, ૧૫૦૦/- શ્રી રામ હનુમાન ભુજપુર, ૧૧૦૧/- મોનીક લક્ષ્મીચંદ (૫૫) દેઢિયાના લગ્ન પ્રસંગે ભુજપુર, ૧૦૦૦/- હરેશ ડી. ગઢવી ઝરપરા, ૧૦૦૦/- કેશવજી ઉમરશી ભેદા-ભુજપુર, ૧૦૦૦/- હિતેશ કુમાર બાળુલાલ રાજગોર-ભુજપુર. દાન આપી પશુઓને શાતા આપવા બદલ દાતાશ્રીઓની અનુમોદના સહ ખૂબ ખૂબ આભાર. દાન માટે મુંબઈમાં સંપર્ક નેણશી લખમશી શાહ ૨૫૦૧૩૪૩૭ વિશા બ્રધર્સ ઘોટકોપર ૨૫૧૩૧૨૦૪.

2/1/1(10) -------- **(A-25002)(1-5)**

ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર
એન્કરવાલા અહિંસાધામ - ૨૮૬૫૮૨૬૬

દાનપેટીમાંથી પ્રાપ્ત થયેલ અનુદાન. ૪૧૦૧/- શ્રી ઝવેર એચ.દેઢીયા બોરીવલી-મોટા આસંબીયા, ૨૫૫૧/- અમરસન્સ કલેક્શન બાંદ્રા-નવીનાળ, ૨૧૦૦/- શ્રી શક્તિ લેડીઝ ટેલર સ્વ. મણીબેન પરસોત્તમ પરમાર ડોંબીવલી-સમાઘોઘા, ૧૫૪૦/- સ્ટાઈલ મેન હા. કિષ્ણા કટારીયા થાણા-બીટા, ૧૩૩૦/- અશ્વિની સાડી હા. સંગીતા જયેશ ગાલા પનવેલ-કાંડાગરા, ૧૩૮૦/- ન્યુ નાઈન ચેનલ હા. ભરત લખમશી સાવલા થાણા-મોટા આસંબીયા, ૧૩૫૦/- જય નોવેલ્ટી હા. સ્વ. માતુશ્રી કુંવરબાઈ ખીમજી જોશી મલાડ-મસ્કા, ૧૧૧૧/- જયંત સ્ટો. હા. જયંતીલાલ વેરશી ભેદાના જન્મદિન નિમિત્તે મલાડ-કપાયા, ૧૧૦૦/- પારસ લાઈમ ડેપો હા. માતુશ્રી હીરબાઈ કાનજી દેવરાજ સોની ડોંબીવલી લુણી. લિ. કીરીટ ખીમજી સાવલા-રામાણીયા, મુલચંદ જાદવજી છેડા-રતાડીયા.

4/1/1(38) -------- **(A-25199)(1-5)**

ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર
એન્કરવાલા અહિંસાધામ - ૨૮૬૨૭૭૯૫

દાનપેટીમાંથી પ્રાપ્ત થયેલ અનુદાન. ૯૯૦૦/- એમ.એસ.એન્ટરપ્રાઈઝ હા. મછારામજી સોમારામજી કેશવજી દેઢીયા મલાડ-મોખા, ૨૧૦૦/- માતુશ્રી રતનબેન ગાંગજી આસારીયા ગાલા મલાડ-પત્રી, ૧૯૩૦/- મહાવીર ઓપ્ટીક્સ વિરાર-સુરેન્દ્રનગર, ૧૫૫૧/- નેલ્કો ફર્નિચર માર્ટ હા. વિપુલ ગાલા બોરીવલી-પ્રતાપુર, ૧૪૦૧/- રાધાકૃષ્ણ ફર્નિચર હા. પ્રેમલ વી. જોશી બોરીવલી-માધવપુર, ૧૦૨૧/- નેલ્કો ડીઝાઈનર હા. ભાવેશ ગાલા બોરીવલી-પ્રતાપુર, ૧૦૦૦/- એનટેક ઓટોમેશન હા. હીના ભરત છેડા ગોરેગામ-નાંગલપુર, ૧૦૦૦/- પ્રિતેશ એસ્ટેટ એજન્ટ હા. પ્રેમજી રામજી માડુ બોરીવલી-ડેપા, ૧૦૦૦/- સર્વોદય ટ્રેડીંગ કું હા. માતુશ્રી સુશીલા કેશવજી દેઢીયા મલાડ-મોખા. લિ. મણીલાલ વલ્લભજી ગાલા-પ્રતાપુર, હરેશ નાગજી વોરા-ગેલડા.

4/1/1(37) -------- **(A-25198)(1-5)**

ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર
એન્કરવાલા અહિંસાધામ - ૨૮૬૫૮૨૬૬

એન્કરવાલા અહિંસાધામને શ્રી તુષાર ધરમશી ઠક્કર (તુષાર ફેબ્રીક્સ પ્રા. લિ.) લોઅર પરેલ તરફથી રૂા. ૨,૧૧,૦૦૦ (બે લાખ અગીયાર હજાર)નું અમુલ્ય યોગદાન પ્રાપ્ત થયેલ છે. એન્કરવાલા અહિંસાધામ તેમના પરીવારનો હૃદયપૂર્વક આભાર માને છે. સંસ્થાને સ્વાવલંબી બનાવવા સંસ્થાની યોજનામાં સહાયરૂપ થઈ અબોલ જીવોના રક્ષક બની પુણ્ય મેળવો. સંસ્થાને આપેલ દાન ૮૦-જી હેઠળ કરમુક્ત છે. લિ. મહેન્દ્ર રતનશી સંગોઈ-વિલેપાર્લે-ટોડા, લીલાધરભાઈ દનાભાઈ ગડા-અંધેરી-બાડા.

2/1/1(4) -------- **(A-25197)(2-12)**

કારાઘોઘા કરુણા-જીવદયા પ્રેમીદાતાશ્રી
એક સદ્‌ગૃહસ્થ

માતુશ્રી સ્વ. ધનબાઈ વીરા અને વડીલશ્રી સ્વ કારૂભાઈ કેશવજી વીરાની પુણ્યસ્મરણાર્થે અબોલા જીવોના મુક આશિષ સહ પુણ્યનું ભાથુ વડીલ ચરણે ધરતા રૂા. ૧૧૦૦૦/-નું વડીલ વંદનીય અનુદાન અર્પણ કરનાર દાતાશ્રી આત્મીયજનોને ખૂબ ખૂબ ધન્યવાદ સહ આભાર. લી. કારાઘોઘા મુંબઈ મહાજન મંત્રીઓ : દિનેશ કાનજી દેઢિયા, અનિલ હેમરાજ શેઠીઆ (સૌજન્ય : લા-ઈટાલીયા મારબલ વિક્રોલી-ઈસ્ટ).

2/1/1(48) -------- **(A-25227)(1-5)**

(JYF) જૈન યુથ ફોરમ
સ્વકલ્યાણ થી સર્વકલ્યાણ

આખા દિવસ દરમ્યાન એક કલાક મૌન. (ઉણોદરી તપ માટે)

● મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

● JYF સાથે કનેક્ટ થવા તમારા વોટ્સએપ નંબરથી ૯૩૭૨૯૭૬૬૬૫ ઉપર JYF કરી મેસેજ કરો.

● કિશોર વીરા (બેંગલોર-બિદડા) ૯૪૪૮૦૨૦૨૮૫.

● જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા).

2/1/1(35) -------- **(A-25190)(2-1)**

9 કિલો વજન ઉતર્યું, શરીર ચરબી મુક્ત થયો, ધન્યવાદ આ 'નવી' પદ્ધતિને

હું લતા ગડા 7400231544, મારા 80 કિલો વજનમાં મારા ફુગેલા પેટ અને હિપ્સનો ભાગ વધારે હતો, મને ગેસ, કબજિયાત, માઈગ્રેન, સોજા, કળતર અને એસિડિટીની તકલીફો રહેતી, હિમોગ્લોબિન અને વિટામિન D ની ઉણપ શરીરમાં રહેવા લાગી હતી, મને ખબર હતી કે વધેલા વજનના કારણે મને હજી ગંભીર રોગો થઈ શકે છે. એટલે સમય બરબાદ કર્યા વગર બધી બહેનોની જેમ મેં પણ દીર્ઘાયુ હેલ્થ કેરનું કોર્સ કર્યું. તેઓ મારા ઘરે આવી મારી તાસીર સમજ્યા અને એ પ્રમાણે મને ખૂબ જ સરળ ઉપચાર બતાવ્યો, એમનો નવો અને પાવરફુલ વેઈટ લોસ પ્રોગ્રામ કર્યા પછી મારો 9 કિલો વજન ઘટી ગયો છે, અને બધી તકલીફો નીકળી ગઈ છે, થાક, આળસ, સુસ્તી નીકળી હવે ફ્રેશ અને હલકું ફુલકું લાગે છે, એમની આ નવી પધ્ધતિથી મને આશ્ચર્યજનક રિઝલ્ટ મળ્યા, એમના સચોટ માર્ગદર્શન અને સહકારથી હું નિરોગી થઈ. ખૂબ ખૂબ ધન્યવાદ દીર્ઘાયુ હેલ્થ કેર નો 9967270646.

2/1/1(17) -------- **(B-24896)(23-7)**

શૈક્ષણિક

સ્વજનની સ્મૃતિને યોગ્ય તર્પણ
સોનગઢ રત્નાશ્રમ

સ્વજનની સ્મૃતિમાં દાન આપતી વખતે જરૂર વિચાર આવે કે તેઓ જીવદયા પ્રેમી, ધર્મપ્રેમી કે શિક્ષણ પ્રેમી હતા એ પ્રમાણે દાનનું વિશ્લેષણ થાય છે. પુનડી- ઘાટકોપર-ઈસ્ટના સ્વ. સૌ. દિપાબેન મુલરાજ માવજી છેડાની તા. ૩-૨-૨૦૨૦ ના રોજ ૧લી પુણ્યતિથી નીમીત્તે હસ્તે - બાપુજી માવજી ભીમશી છેડાએ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/-નું અનુદાન આપી સ્વજનની સ્મૃતિ કાયમ કરી જ્યાં સમાજના ધોરણ ૬ થી ૧૨ના ૪૦૦ જેટલા બાળકો કોઈપણ જાતના લવાજમ વગર સ્વસ્થ અને સંસ્કારીય તાલીમ લઈ રહ્યા છે. લી. મહેશ વોરા-કારોબારી સભ્ય-નવિનાળ - ૯૮૨૧૨૧૪૯૨૪

2/1/1(42) -------- **(A-25214)(1-5)**

વૈ. મિતાલીબેન પૂ. શૌર્યતાબાઈ સાધ્વી બન્યા પૂ. જિતગુરૂની નિશ્રામાં વર્તાયો જય જયકાર

ક.આ.મો.પ.ના કચ્છ કેસરી પૂ.આ. પુનમચંદ્રજી મ.સ.ના શિષ્ય, શાસન પ્રભાવક-જીવદયાપ્રેમી 'એકે હજારા' એકલવીર પૂ. ગુરૂદેવ જિતેન્દ્ર મુનિ પૂ. સુભદ્રાબાઈ મ.આદિ પર સાધુ-સાધ્વીની નિશ્રામાં વૈ. મિતાલીબેનનો દિક્ષા પ્રસંગ વાશી સંઘના નેજા હેઠળ હજારોની માનવ મેદની વચ્ચે ભારે દબદબાપૂર્વક અનેરા ઉત્સાહથી ઉજવાયો. પૂ. જિતગુરૂ દેવ વિધિ સહિત દિક્ષા આપી નવદિક્ષીતનું નામ પૂ. શૌર્યતાબાઈ મહાસતી જાહેર કર્યું. સકળ સંઘે જય-જયના નાદોથી વધાવી લીધું. આ પ્રસંગે ૧૨ દંપત્તિ શિયળના પચખાણ લીધા. નવા-નવા પ્રોગ્રામોથી ભારે રંગત જામી. એકંદરે પૂ.આ.પૂનમગુરૂદેવની દિવ્ય કૃપાથી પ્રસંગ-ઐતિહાસિક-યાદગાર બન્યુંને સર્વત્ર જય-જયકાર થયો. વાશી સંઘની સાધર્મિક ભક્તિ ખુબ જ પ્રસંશનીય રહી. લિ. ગુરૂભક્તો.

4/1/1(24) -------- **(A-25182)(1-5)**

શ્રી ભુજપુર આઠ કોટી મોટી પક્ષસ્થા. જૈન સંઘ

ગચ્છાધિપતિ પ.પૂ.શ્રી દેવજી સ્વામીની ગાદી અમર તપો. વર્તમાન આચાર્ય પ.પૂ. શ્રી ભાઈચંદ્રજી સ્વામીને નિત્ય વંદના.

● પ.પૂ.આ.ભ. શ્રી છોટાલાલજી સ્વામીના સુશિષ્ય પ.પૂ. શ્રી નવિનચંદ્રજી, પ.પૂ.શ્રી સુરેશચંદ્રજી મ.સા. ઠાણા-૨, તા. ૧૬-૩-૨૦ના ભુજપુરમાં પધારશે. પ.પૂ. શ્રી દમયંતીબાઈ મ.જી. ઠાણા-૫, તા. ૨૦-૩-૨૦ના આસપાસ પધારવાના ભાવ ધરાવેલ છે. સાધુ-સાધ્વી ભગવંતો તા. ૧૦-૪-૨૦ સુધી સ્થિરતા કરશે. ચતુર્વિધ સંઘમાં ચૈત્ર માસની ઓળી ૩૦-૩ થી ૭-૪-૨૦ સુધી રહેલ છે. સર્વે ભુજપુરવાસીઓને નમ્ર વિનંતી કે માર્ચ એન્ડીંગમાં પાપ અને પુણ્યનું બેલેન્સ સીટ જાળવવું હોય તો જલ્દીથી તમારી રેલ્વે ટીકીટ કરાવી લેશો. હમણાં રેલ્વેની ટીકીટ મળી રહેલ છે. જેમણે પણ આયંબીલની ઓળીનો લાભ લેવો હોય તો, ઓછામાં ઓછું પંદર દિવસ રોકાવવા ઈચ્છા હોય તો બપોરનું ભોજન અને સાંજના ચોવિહારની વ્યવસ્થા શ્રી સંઘ દ્વારા કરાવવામાં આવશે. રેલ્વે ટીકીટ અને રહેવાની સગવડ તમારે પોતાને કરાવવાની રહેશે. નોંધ જેમણે પણ આવવાની ઈચ્છા હોય તો સ્થાનિક ટ્રસ્ટી મનોજ હેણીયા-૮૧૪૧૬૬૦૦૧૧ પર જાણ કરવા વિનંતી. લિ. સંઘપતિ ભરત માવજી દેઢીયા.

4/1/1(25) -------- **(A-25183)(1-5)**

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

☎ ૨૩૭૧૪૫૭૪-૨૩૭૭૩૦૩૨ ☎
www.kvoss.org

સેવા સમાજ - ક્રિકેટ - 'નવનીત કપ' ગામ ગ્રુપ ક્વોલીફાઈંગ રાઉન્ડ પરીણામ

સેવા સમાજ આયોજિત 'નવનીત કપ' ગામ ગ્રુપ ક્વોલીફાઈંગ રાઉન્ડના પરીણામ નીચે મુજબ : (૧) કાંડાગરા-૧૧૮-૧૦ : ચિરાગ હરીયા ૩/૨૨ સામે ડુમરા-૧૨૦-૪ : પ્રમીત ગોસર (૨) રામાણીયા-૧૮૩/૧૦ : ધર્માંગ રાંભીયા ૬૬, દર્શન સાવલા-૩૪, રાજ વોરા ૪/૨૭ સામે ડોણ-૧૮૫/૫ : પ્રતિક માડુ ૩૮, ભાવેશ છેડા-૩૭ (૩) બાડા (બી) ૨૧૦/૧૦, ઉમંગ ગડા-૪૫, ધ્રુવ વીરા-૫૪, પારસ વીરા ૪/૩૫ સામે કારાઘોઘા ૨૫૮/૮ જય માડુ-૮૨, સોમીલ શેઠીયા-૭૯ વિજયી રહેલ. ● મેન ઓફ ધ મેચ : (૨) રાજ વોરા (ડોણ) (૩) જય માડુ (કારાઘોઘા) રહેલ. અભિનંદન. લિ. કન્વીનર.

4/1/1(45) -------- **(A-25223)(1-5)**

તા. ૪ ફેબ્રુઆરીના 'શુભેચ્છક દાતા'

સ્વ. પ્રેમજી હંસરાજ ગાલાના સ્મરણાર્થે શ્રીમતી જયા રમેશચંદ્ર હંસરાજ ગાલા (દેવપુર) તરફથી

● સ્વ. જવેરબેન લાલજી દેઢિયા (ગુંદાલા હાલે છસરા)નાં સ્મરણાર્થે શ્રી શાંતિલાલ કુંવરજી રાંભિયા (સમાઘોઘા) તરફથી.

● ડો. રતિલાલ હીરજી વોરા (કુંદરોડી)નાં જન્મદિન નિમિત્તે એમના તરફથી...

● સ્વ. માતુશ્રી જેઠીબાઈ વેરશી છેડા (ગોધરા)ના પુણ્યાર્થે મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથી કોઈપણ પ્રસંગને યાદગાર બનાવવા રૂા. ૧૧૦૦૦ (એક સાથે- એક જ વખત) ૧૫ વર્ષીય યોજનામાં જોડાઈને આયકર કલમમાં રાહત મેળવો. લિ. મંત્રીઓ.

2/1/1(44) -------- **(A-25222)(1-5)**

વિદ્યાર્થીઓ, બહારગામ જતા પર્યટકો, ગરમ કપડાની ખરીદી પંચશીલ દાદરથી

ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જતા વિદ્યાર્થીઓ, હીલ સ્ટેશને જઈ રહેલા પર્યટકો, બહારગામ હશે ઠંડી વિશેષ ! ઠંડીથી રક્ષણ કરતાં ગરમ કપડા ખરીદવા આવો, દાદર પંચશીલમાં Pure wool, wool markનાં લેડીઝ, જેન્ટસ, થર્મલવેર, કેપ, ગ્લોઝ, મફલર, સોક્સ, સ્વેટર, બ્લેનકેટ, વુલન શોલ. બહારગામ માટે ફેમીલી શોપીંગ એટલે જ 'પંચશીલ' શ્રી બિલ્ડીંગ, રાનડે રોડ, દાદર (વે.), સ્ટેશનથી બે મિનિટ. ફો.: ૨૪૨૨૭૯૫૩ (સોમવાર બંધ) Since 1965

2/1/1(3) -------- **(B-25132)(17-2)**

મા આશાપુરા ગૃહ ઉદ્યોગ -ડોંબીવલી

આપની સમક્ષ લઈ આવી રહ્યું છે. શિયાળા સ્પેશિયલ મેવા મસાલાથી ભરપુર અડદીયા પાક, ખજૂર પાક, ગુંદર પાક, મોહન થાળ, ગોળીયા લાડુ, ગોળ પાપડી, કચ્છના પબડીના ગોટા, લસણીયા ગાંઠીયા, લાકડીયા ગાંઠીયા, ભાવનગરી ગાંઠીયા, પાપડી, તીખી સેવ, મોળી સેવ આ બધી આઈટમો સારી ક્વાલીટી અને વ્યાજબી ભાવે મળશે. સંપર્ક : ભાવના કે. ગોસર (માપર) : 9920022526

2/1/1(12) -------- **(B-24657)(1-5)**

ઘરચોળાનું ચલણ ઘટી ગયું સારાભાવે વેંચવા માટુંગા શ્રી મહાવીરમાં પધારો ટે. ૨૪૦૨૫૦૭૦, ૮૬૫૨૨૩૯૫૩૭ સોમવાર બંધ.

2/1/1(2) -------- **(B-24617)(2-12)**

ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્‌ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.

મહિલા સંસ્થા સમાચાર

ડુમરા નારી વૃંદ

'આનદો' ૨૦૨૦નો પ્રથમ પ્રોગામ પંચતીથી અગાશી તીર્થનો જાત્રા સાથે પંચતિથી નણંદ-ભોજાઈ સાથે. તા. ૨૯-૨-૨૦૨૦ શનિવારના સવારના લોઢાતીર્થ દર્શન + નવકારશી કરીને અગાશી તીર્થે સેવા પૂજા અને બપોરનું ભોજન ત્યારબાદ જીવદયા ધામ નાકોડા ભૈરવ તીર્થ અને વિજયપતાકા તીર્થ દર્શન કરીશું અને અનુકુળતા પ્રમાણે ચોવિહાર કરીશું. આ જાત્રામાં નિયાણી બહેનોને સપ્રેમ આમંત્રણ છે. 'વહેલો તે પહેલા'ના ધોરણે ચાર દિવસની અંદર પૈસા ભરી નામ લખાવવા. જાત્રા માટેનો ચાર્જ- રૂા. ૧૦૦ રાખેલ છે. નામ નોંધાવા માટે (૧) વિજયાબેન ગોસર : 9920566635 (૨) શિલ્પા ગોસર : 8779639671 (૩) મંજુલા કારાણી : 9619290040 નામ આવ્યા બાદ બસ માટેના રૂટની જાણ કરવામાં આવશે. લોઢાતિર્થના નવકારશીના દાતા. અ.સૌ. હીના દિનેશ લાલજી રવજી ગોસરના લગ્ન જીવનની ૨૫મી એનેવર્સરી તથા નવા ઘરના વાસ્તુ નિમિત્તે લાભ લીધેલ છે. લી. મંત્રીઓ.

2/1/1(22) -------- **(A-25161)(1-5)**

ડુમરા નારી વૃંદ

૨૦૨૦થી ૨૦૨૨ સુધીની નારી વૃંદ નવી કારોબારી અને એમના તરફથી મળેલ ભેટ

- પ્રમુખ - વિજ્યા પ્રવિણચંદ્ર ગોસર ૭૭૭૭ રૂા.
- ઉપપ્રમુખ - પદમીની દામજી સાવલા ૫૫૫૫ રૂા.
- સેક્રેટરી - મંજુલા ધીરજ ગાલા ૪૫૪૫ રૂા., શિલ્પા ભાઈલાલ ગોસર ૧૫૧૫ રૂા.
- ખજાનચી - વિમળા નવીન કારાણી ૨૫૨૫ રૂા, મંજુલા ચંદ્રકાન્ત કારાણી ૨૫૨૫ રૂા.
- સલાહકાર : દમયંતિ જયંતીલાલ ગાલા ૪૫૪૫ રૂા., કસ્તુર જયંતીલાલ કારાણી ૩૫૪૫ રૂા.
- માજી પ્રમુખ : પ્રભા તલકશી ગાલા ૧૫૧૫ રૂા.
- કારોબારી સભ્ય (૧) હર્ષા હિરાચંદ ગાલા ૨૨૨૨રૂા., નિર્મળા વલ્લભજી નાગડા ૨૨૨૨ રૂા., રમીલા તારાચંદ કારાણી ૨૦૦૧ રૂા., મંજુલા પ્રફુલ કારાણી ૧૫૧૫ રૂા., લક્ષ્મી હરખચંદ છેડા ૧૫૧૫ રૂા., પ્રભા ઉત્તમચંદ ગોસર ૧૫૧૫ રૂા., ગીતા પદમશી નાગડા ૧૫૧૫ રૂા., રૂા. ૫૧૦૦ માતુશ્રી ખેતબાઈ શામજી વીરજી ગોસરની પૌત્રી અને શેરડીના કસ્તુરબેન શામજી ખીમજી હરીયાની દોહિત્રી અ.સૌ. મીના દિનેશની સુપુત્રી ચિ. નેહલના લગ્ન પ્રસંગે, રૂા. ૨૫૦૦ માતુશ્રી મુલબાઈ નાનજી કારાણીનો પૌત્ર અને વિણા પ્રફુલના સુપુત્ર દેવેન દિશિતાના લગ્ન પ્રસંગે નારી વૃંદને ભેટ મળેલ છે. ડુમરા નારી વૃંદ દાતા પરિવારનો હાર્દિક આભાર માને છે. લી. પ્રમુખ

2/1/1(21) -------- **(A-25160)(1-5)**

શિયાળુ પાક

કડકડતી ઠંડીમાં અડદીયા પાક, ખજુરપાક, ગુંદર પાક ખાવાની મજા અનેરી છે. કરસન લઘુ અને ચેમ્બુર દેરાસરના વિવિધ પ્રકારના શિયાળુ પાક મંગાવવા અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો ડિલીવરી anywhere in મુંબઈ, India & World. Worldwide Order & Payment Accepted, Vaccum Packing & COD Service Available. Buy online at WWW.BURGUNDYRETAIL.COM BURGUNDY RETAIL T - 48932228, 8879991866 burgundyretail@gmail.com PEOPLE's RETAIL

2/1/1(13) -------- **(B-24784)(1-5)**

શ્રી નાના ભાડીયા જૈન મહીલા મંડળ

તા. ૧ જાન્યુઆરી ૨૦૨૦ થી ૧ જાન્યુઆરી ૨૦૨૩ના મુદત માટેની નવી કારોબારી કમીટી નીચે પ્રમાણે છે.

- ટ્રસ્ટી : મંજુલાબેન પોપટલાલ રતનશી ગાલા, પ્રફુલ્લાબેન રમણીક રતનશી ગાલા, રંજનબેન પ્રવિણ ખેતશી ગોગરી.
- I.P.P. જયાબેન દેવચંદ લાલજી રાંભીયા
- પ્રમુખ : જીનલ નરેન્દ્ર વશનજી મામણીયા
- ઉપપ્રમુખ : દિપ્તી કાંતીલાલ હંસરાજ છેડા
- સેક્રેટરી : લીના સુનીલ માવજી ગડા, કવિતા ચંદ્રેશ કિશોર છેડા.
- ખજાનચી : રેખા પ્રવિણ જખુભાઈ નંદુ, વર્ષા ઉમેશ શામજી ગડા.
- કા. સભ્ય : જયવંતી કલ્યાણજી પ્રેમજી ગાલા, આશા કીરીટ ઉમરશી રાંભીયા, હીના શાંતી લાલજી નંદુ, વર્ષા સમીર મોહનલાલ લાપસીયા, મધુ વીરચંદ પ્રેમજી ગાલા.
- મંડળે તા. ૨૩ ફેબ્રુઆરી રવિવારના ટ્રેડ ફેરનું આયોજન કરેલ છે. ગામની મહીલાઓને પ્રોત્સાહન આપવા ગામના ભાઈ-બહેનો તમારા પરીવારજનો તેમજ મિત્ર મંડળી સાથે પધારજો.
- મંડળ આભારી છે.
- ધૈર્યબાળા હીતેન રતનશી ગડા નુતન ઘરના વાસ્તુ નિમિત્તે રૂા. ૨૧૦૦૦/-. જયવંતી નવિનચંદ્ર કુંવરજી છેડાના લગ્ન જયંતી નિમિત્તે રૂા. ૫૦૦૦/- ની ભેટ.

4/1/1(39) -------- **(A-25200)(1-5)**

કચ્છી મહિલા ફેડરેશન સં. જયાબેન વિશનજી માડ (બિદડા) મહિલા મેડીકલ ફંડ

મહિલાઓને ઓપરેશન, દવાઓ માટે સહાય આપવામાં આવે છે ફોર્મ + રૂબરૂ મુલાકાત મો.: ૮૧૦૪૫૯૬૫૪૦ દર બુધવારે ૪ થી ૬માં સંસ્થાની ઓફિસે C/o મેડિકલ સહાય કન્વીનર :ભારતીબેન નવીન ગંગર, પ્રભાસ્મૃતિ બિ., ગ્રા. ફ્લોર, ભાઉદાજી રોડ, નારાણજી શામજી વાડીની બાજુમાં, માટુંગા મધે થશે.

- નીચેના સ્થળોએ ફોર્મ ઉપલબ્ધ છે. ડોંબિવલી (ઈ.), હેમાબેન સાવલા (ટા. ૧૦ થી ૧૨)પારસમણી જૈન દેરાસર, તિલક રોડ. નાલાસોપારા (ઈ.), સરલા સંગોઈ (ટા. ૪ પછી) ૧૨, મોહન નિવાસ, તુલીંજ રોડ. સાયન (વે.), જ્યોતિ સાવલા, નીલપરી એડ (ટા. ૯ થી ૧) ૭/૧૬૦, કમલકુંજ બિ., જૈન સોસાયટી. મસ્જીદ બંદર, મિલન મસાલા (ટા. ૧ થી ૭) ૩૧, કેશવજી નાઈક રોડ.
- લેટેસ્ટ પ્રીસ્ક્રીપ્સન લાવવું. લિ. મહિલા મેડીકલ ફંડ મુખ્ય કમિટી.

2/1/1(4) -------- **(A-25131)(3-1)**

શ્રી તુંબડી બૌઆ ભાવિકો

શ્રી તુંબડી બૌઆ ભાવિકોને સવિનય સાથે જણાવવાનું કે તા. ૧૨-૦૧-૨૦૨૦ના મુંબઈ મધ્યે રાખેલ શ્રી સચ્ચા માતાજીની પહેડી દાતા પરીવારના અનિવાર્ય સંજોગોને કારણે રદ કરવામાં આવી હતી. હવે જણાવવાનું કે આપણાં બૌઆ પરીવારમાંથી આ વરસે કોઈ પણ ભાવિક મુંબઈમાં તેમજ સ્થાનિકે પહેડીનો લાભ લેવા ઈચ્છતા હોય તો તા. ૧૫-૦૨-૨૦૨૦ સુધી જણાવવા વિનંતી. વિશેષમાં સ્થાનિકે સચ્ચા માતાજીની પહેડી તા. ૧૦-૩-૨૦૨૦ના રાખેલ છે. તો આ પહેડી નિમિત્તે સર્વે ભાવિકો, નિયાણી બહેનો, તેમજ તુંબડી મહાજન તથા સકળ સંઘના ભાઈઓ તથા બહેનોએ માતાજીના દર્શન, વંદન તેમજ પ્રસાદનો લાભ આપવા પધારવા વિનંતી. લિ. બૌઆ ભાવિકો વતી : પ્રદિપ બૌઆ-મો.નં. ૯૮૬૯૫૩૩૪૭૮, નવિન બૌઆ-મો.નં. ૯૮૧૯૦૧૭૪૭૩.

4/1/1(34) -------- **(A-25189)(1-5)**

સુ.સા. પ્રશાંતગુણાશ્રીજી મ.સા.નું ગોરેગામ ૧૦૦ + ૫૫ ઓળીનું પારણું / લાભાર્થી/ પ્રભાવના

શંખેશ્વરદાદાની છત્રછાયામાં સૂરિવર્યોના આશિષે પ.પૂ. દેવરક્ષિત સાગર મ.સા.ના તથા સુ.સાધ્વી વિપુલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાના સાનિધ્યે શાસન પ્રભાવિકા, જગત -નિરંજન-પુણ્ય-વિપુલ પરિવારના વર્ધમાન તપોનિધિ દેઢિયારત્ન પ.પૂ. સુસાધ્વી પ્રશાંતગુણાશ્રીજી મ.સા.ની વર્તમાન તપની ૧૦૦ + ૫૫ મી ઓળીના પારણાનો લાભ શ્રી ગોરેગામ અચલગચ્છ શ્વે.પૂ. જૈન સંઘને મળ્યો તેનો ગૌરવ છે. રૂપિયામાં ચડાવા ન લેતા પ્રારંભના (૫) ચડાવા ધર્મ આરાધનામાં લેવાયા. સમુહ સામાયિકની આરાધના પ્રવચન રહ્યું. પ્રભાવનામાં લોકો વરસી પડ્યા. તમામને ૨૦૦ રૂા. રોકડની પ્રભાવના રહી. ઓળીના પારણાનો લાણ લેનાર ખમીરવંતા ધર્મપ્રેમી આ છે બડભાગી આરાધકો.

- રવિવાર છોડી ૧૫૫ દિવસ રાત્રિ ભોજન ત્યાગ કરનાર (૧) અશોક ધનજી સાલિયા-નાની ખાખર (૨) દેવેન્દ્ર છગન દેઢિયા -નાના આસંબિયા (૩) અશ્વીન દામજી ગોગરી-ડોણ
- ૧૫૫ દિવસ કંદમૂળ ત્યાગ (૧) સોનલ ધીરેન ગાલા -ગઢશીશા (૨) પારૂલ કેતન વિસરીયા-બાડા
- ૧૫૫ દિવસ પૂજા (૧) કલ્પના છગન દેઢિયા-નાના આસંબિયા (૨) આશા હીરજી દેઢિયા-કોટડા રોહા (૩) દિપા ધનજી વિસરીયા-ગઢશીશા
- ૧૫૫ દિવસ થાળી થોઈ રૂમાલથી સાફ (૧) વસંતભાઈ કાનજી ગાલા -ગઢશીશા (૨) હીરજીભાઈ વીજપાર ગંગર-ચુનડી (૩) કેતનભાઈ કુંવરજી વિસરીયા-બાડા
- ૧૫૫ છોકરાઓને આયંબિલ કરાવી સૌને ૧૦૦ રૂા. ની પ્રભાવના કરવી એક વરસમાં (૧) નિયતિ/સેજલ પ્રેમજી છેડા-લાયજા, સર્વેની અંતરથી અનુમોદના... લિ. મંત્રીઓ દેવેન્દ્ર ગડા, સચીન ગાલા.

2/1/1(51) -------- **(A-25235)(1-5)**

ઘુટણ સંધિવા વાદુઃખવા લાભદાયક ઉપાય

હું રમેશ પાંચલાલ કારીયા (ગામ ૨વ) મને ઘુટણ ૩/૪ વર્ષથી ખૂબ જ દુઃખવો રહેતો હતો ઘુટણમાં ઘસારો હતો અને મને કમરમાં ખૂબ જ તકલીફ હતી ઘણી બધી દવાઓ કરી પણ મને જરાય આરામ થયો નહિ હવે મને વેરશીભાઈનો સંપર્ક થયો. બધી પીડાની વાત કરી તો વેરસીભાઈ મલમ આપીને રાહત કરી તેથી મને ઘુંટણ કમરમાં દુઃખવો બીલકુલ મટી ગયો હું દવા વાપરવાથી મને બહું જ આરામ થયો (રમેશભાઈ મો.: 98672-65913) હવે હું પલાઠી વારીને બેસી શકું છું. મારાજસાહેબ તથા મહાસતીજી ને મલમ આપેલ છે તેમને પણ બહુ જ આરામ થયો છે. આપણા સમાજ ભાઈયો-બહેનોને આમ મલમ, લોસન આપેલ છે. તે બધાને જ આરામ થયો છે. સંધિવા વાદુઃખવા ઘુંટણ ખભાકમર પગની પેની જુનીમુઢમાર પગમાં આવતા સોજા અને બધા જ ઉપર મલમ, લોસન વાપરી શકાય એક વખતે મંગાવીને ખાતરી કરી જુઓ મલમ લોસન વાપરીને ખાતરી કરી જુઓ લાભ દાયક ઉપાય છે. સંપર્ક : વેરશીભાઈ છેડા ગામ - ૨વ (થાણા) મો.: ૯૩૨૩૯૩૬૫૬૯, 9323936569

2/1/1(43) -------- **(B-25219)(1-5)**

વેચવાનું છે

ચકલી બનાવાનું નવુ મશીન વેચવાનું છે. સંપર્ક : 9049974740 દીપકભાઈ

2/1/1(47) -------- **(B-25226)(1-5)**

સેવિકા બહેન જોઈએ છે

વૃધ્ધ માજીની સંભાળ રાખી શકે તેવા બહેનની જરૂર છે. સવાર સાંજે આવી શકે તે પણ આવકાર્ય. તુરંત સંપર્ક : પ્રફુલ્લ નાગડા : મો. 8422976003.

4/1/1(36) -------- **(B-25196)(1-5)**

દેશ વિદેશ કુરીયર 24 * 7

મીઠાઈ, ફરસાણ, નાસ્તો, અનાજ, કઠોળ તેમજ દરેક પ્રકારની ખાવા-પીવાની વસ્તુઓ, UK, EUROPE, NORWAY, SWITZERLAND માં વ્યાજબી ભાવે મોકલાવા અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો Vacuum Packing Available. WORLDWIDE PAYMENT ACCEPTED Free Pick Up Service PAC n DELIVER T - 48932230, M. 8879991866 anuj@pacndeliver.com 20 Years of Qyality Service

2/1/1(28) -------- **(B-25173)(3-14)**

'રિધ્ધી સિધ્ધી જ્વેલર્સ : ઘાટકોપર' ! સોનાના-હિરાના દાગીના માટે લાજવાબ !

નીતનવી ડિઝાઈનોમાં - અવનવા દાગીનાનું વિશાળ કલેકશન સાથે ખ્યોરીટી-ભાવ-રીઝનેબલ મજુરી અને પારદર્શક પ્રમાણીકતા માટે ૩ દાયકાથી કચ્છી સમાજમાં વિશ્વસનીય પરંપરા ધરાવતું લોકપ્રિય શો રૂમ.

- 'રિધ્ધી સિધ્ધી જ્વેલર્સ' ગાયત્રી ધામ, એમ.જી. રોડ-દેરાસર લેન કોર્નર, ઘાટકોપર (ઈ.) ફો.: ૨૫૦૮૫૫૪૪ તરૂણ જયંતિલાલ સાવલા (કોડાય).

2/1/1(23) -------- **(B-25164)(1-5)**

કાંદીવલીમાં દુકાન વેચાણ માટે

૨૮૦ કારપેટ, મેડીકલ, દવાખાના, સલુનના ધંધા માટે લાયક ૨૮૦ કારપેટ દુકાન વેચાણ માટે છે. ઈન્વેસ્ટમેન્ટ માટે ઉત્તમ : Contact : Twinkle-9930452914.

4/1/1(33) -------- **(A-25188)(1-5)**

હોટલ નીતા 'શાંતિ વીલા' (મહાબળેશ્વર)

કુદરતના ખોળે સૌંદર્યના ખજાના સમા મહાબળેશ્વરમાં એસ.ટી. સ્ટેન્ડથી ફક્ત ૬૦ સેકન્ડના અંતરે સનસેટ અને સનરાઈઝ વીથ કોફી શોપ, ગાર્ડન રેસ્ટોરંટ, AC, Non AC, રૂમો, કોટેજ, AC ડુપ્લેક્સ વિલા, સ્વીમીંગ પૂલ વીથ વોટર સ્લાઈડ અને ફોલ્સ, ચિલ્ડ્રન્સ એમ્યુઝમેન્ટ પાર્ક, ગેમ્સ અને સારામાં સારૂ પંજાબી, સાઉથ ઈન્ડીયન, ચાઈનીઝ, ફાસ્ટ ફુડ અને ખ્યોર ગુજરાતી અને જૈન ફુડની મજા માણો. બોરીવલી : ૨૮૯૧૯૧૨૫/ ૨૮૯૫૬૫૪૮ / ૨૮૯૨૭૭૫૬.

3/1/1(31) -------- **(B-25186)(12-10)**

માર્ચથી જુન (વેકેશન) 'લક્ઝરી' પ્રવાસો કીચન ગ્રુપ + પેકેજ ટુરો. 'શેઠીયા ટુર'

સીક્કીમ, દાર્જીલીંગ, ગેંગટોક, પેલીંગ, લાચુંગ, યુમથોંગ, નામચી (૨) ૨૪/૪ આસામ, મેઘાલય, અરૂણાચલ, કાજીરંગા, સીલોંગ, ચેરાપુંજી (૩) રોયલ ભુતાન પ્રવાસ (૪) કુલ્લુ-મનાલી (૫) કાશ્મીર પ્રવાસ (૬) નૈનીતાલ-મસુરી (૭) એમ.પી. પંચમઢી. ફેબ્રુ. માં (૧) કચ્છ 'રણ' મહોત્સવ (૨) સુપર સાઉથના પ્રવાસોની બુકીંગ માટે. સં. 'શેઠીયા ટુર' 8369397524, 7718933663, 9029329818, 7303603663. નોંધ : ઈન્ટરનેશનલ પ્રવાસો માટે (8879278138).

4/1/1(29) -------- **(B-25184)(1-5)**

બોરીવલી ઈસ્ટમાં સ્ટેશન પાસે કદમ ટ્યુટોરીયલ

પોસાય એવી ફીસ, અનુભવી શિક્ષકોની દેખરેખ, ધો. 5 to 10 S.S.C. બોર્ડ, ધો. 4 to 8 CBSC બોર્ડ, એડમીશન ઓપન...કોન્ટેક્ટ : મીસીસ શીતલ સાવલા, એડ્રેસ : ગ્રા.ફ્લોર, ઓફિસ નં. ૯, સાંઈકૃપા ચાલ, વેલકમ હોટેલની બાજુમાં, ૧ નંબર પ્લેટફોર્મનાં અન્ડર ગ્રાઉન્ડની બાજુમાં, બોરીવલી (ઈ.), મું. ૬૬. Mo. 9702266277.

4/1/1(41) -------- **(B-25208)(1-5)**

तस्मै श्री गुरवे नमः

तस्मै श्री गुरवे नमः

પ્રથમ માસિક પુણ્ય તિથિએ
પ્રવર્તિની, શાસન પ્રભાવિકા, અનેક ગુણધારિકા
પ.પૂ. અરૂણોદયશ્રીજી મ.સા.ના ચરણે
શ્રદ્ધાંજલિ...

ગુરૂજી અમારો અંતરનાદ...

અમને આપો આશીર્વાદ...

વાત્સલ્યનું વહેતું ઝરણું એટલે મા મારાજ અમારા પરિવારને સંઘ સમાજમાં શત શત તેજે પ્રકાશિત કર્યો
ગુરૂકુલવાસનું ગૌરવ વધાર્યું તપ જપ સંયમ સાધનાની સુવાસ પ્રસરાવી... જિનશાસનના જયકારી અનેક કાર્યો કરી ઠંડો વગાડયો...
હજારો જીવોને ધર્મસન્મુખ કર્યા... ઓ ગુરૂવર ! આપના ગુણોને યાદ કરતા હવે સમય સફળ કરશું...
એક મહિના પહેલા પોષ સુદ - ૧૧ રવિવાર તા.૫-૧-૨૦૨૦ આપશ્રી અમને સૌને મૂકીને દિવ્યલોકે વિદાય થઈ ગયા...
ઓ ગુરૂ મા ! છે ઘેઘુર વડલા જેવી શીતળ છાયા હવે ના રહી... હૈયાની હૂંફ અને હૂંફાળી ગોદ હવે ના રહી...
અમી ભરેલી આંખોની મીઠી નજર હવે ના રહી... આશિષ વરસાવતી એ બે હાથ હવે ના રહ્યા...
સૌના હિતની ચિંતા કરતી એ પ્રેમાળ વાણી હવે ના રહી...
"આપના પાવન પગલે ભાગ્યવંત બન્યા સંઘ તમામ, ફરાદીના ગાલા પરિવારનું દીપાવ્યું નામ અમારા ઉપર કર્યા છે
ઉપકાર અપાર, અમારા વ્હાલા કાકી મહારાજના દિવ્યાત્માને વંદના હજાર..."

પૂજ્યશ્રીને સંયમની સહર્ષ અનુમતિ આપનાર

પરિવારના વડિલ

લી. માતુશ્રી વેલબાઈ ખીમજી માલશી ગાલા
(ફરાદી)ની સુપુત્રીઓ
અ.સૌ. મધુરીબેન (મણીબેન) મુલચંદ ગડા - કોડાય
અ.સૌ. જયવંતીબેન (જયાબેન) રમણીક ગડા - નવાવાસ
દોહિત્ર : જયેશ, ઋષભ
દોહિત્રીઓ : મીના, પ્રજ્ઞા, શીતલ, જીનલ રચના...

(CLB-25237)

VIRAL MARU : 98199 69516

શ્રી જીવરાજ ભાણજી શાહ સ્મારક ટ્રસ્ટ મુલુંડ (વેસ્ટ)નું
શ્રી ક.વિ.ઓ. સમાજને નવલુ નજરાણુ

સ્વમાન લગ્ન

સ્વમાન લગ્ન

બંને પક્ષ એક સમાન... હિપી ઉઠે પ્રસંગની શાન

શ્રી જીવરાજ ભાણજી શાહ સ્મારક ટ્રસ્ટ દ્વારા શ્રી ક.વિ.ઓ. સમાજ માટે
ગૌરવભેર 'સ્વમાન લગ્ન' નું આયોજન નીચે જણાવેલ
યોજના પ્રમાણે પાર પાડવામાં આવશે.

સંખ્યા ૪૦૦
સવારના ૮ થી ૨ રૂા.૧,૧૫,૦૦૦/- + રૂા.૧૦,૦૦૦/-
સાંજના ૪ થી ૧૦ રૂા.૧,૩૦,૦૦૦/- + રૂા.૧૦,૦૦૦/-

સંખ્યા ૫૦૦
સવારના ૮ થી ૨ રૂા.૧,૪૦,૦૦૦/- + રૂા.૧૦,૦૦૦/-
સાંજના ૪ થી ૧૦ રૂા.૧,૫૫,૦૦૦/- + રૂા.૧૦,૦૦૦/-

સગવડો સરખી - નિયમો સરખા

સામૈયુ	:	હોલના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે (ઢોલ શરણાઈ નહીં)
હસ્ત મેળાપ	:	ચોરી ફેરા વખતે ચા, કૉફી, બાઈટીંગ, લગ્નનાં વિધી વિધાન માટે ગોરમારાજ, વિવિધ દ્રવ્યો અને ઉપકરણો અને લાઈવ સમધુર સંગીત
ભોજન	:	બે મિઠાઈ, બે ફરસાણ સહિત સ્વાદિષ્ટ વ્યંજનો અને આઈસ્ક્રીમ
વેલેટ પાર્કિંગ	:	વેલેટ પાર્કિંગની સુવિધા શ્રી ટ્રસ્ટ તરફથી કરવામાં આવશે
ફોટો ગ્રાફર	:	તમારી તસ્વીર - તમારી પસંદગી - તમારા ખર્ચે
કંકોતરી	:	તમારી પસંદગી - તમારા ખર્ચે

તા.ક. પછેડી, હથુડાનો રૂમાલ, ઘડી અને વરમાળા તમારી પસંદગી, તમારા ખર્ચે, તમારા રહેશે.

ટ્રસ્ટના સ્વીકૃત નિયમો : લગ્ન ખર્ચ બંન્ને પક્ષે સરખા ભાગે. સમયનું પાલન ફરજીયાત રહેશે.

વિશેષ સવલત : લગ્ન માટે આવનાર મહેમાનોનાં ઉતારા, સમુહુર્તા, ગીત તેમ જ મહેંદી રસમ માટે રૂમો આ ટ્રસ્ટનાં આરામગૃહમાં ટ્રસ્ટના નિયમાનુસાર મળી રહેશે.

લગ્નનાં મંગળ દિવસો (વહેલા તે પહેલા નાં ધોરણે)

તા.૧૧-૩-૨૦૨૦, બુધવાર	તા.૧૭-૩-૨૦૨૦, મંગળવાર	તા.૩-૪-૨૦૨૦, શુક્રવાર	તા.૧૪-૪-૨૦૨૦, મંગળવાર
તા.૧૪-૩-૨૦૨૦, શનિવાર	તા.૨૭-૩-૨૦૨૦, શુક્રવાર	તા.૧૦-૪-૨૦૨૦, શુક્રવાર	તા.૨૮-૪-૨૦૨૦, મંગળવાર

મે અને જુન મહિનાની જરૂરીયાત પ્રમાણેની તારીખો માટે સંપર્ક કરવા વિનંતી

લગ્ન એ સંસારીઓનાં જીવનનો સૌથી મોટો ગૌરવવંતો ઉત્સવ પર્વ છે. આજની મોંઘવારીમાં એ બોજારૂપ બની જાય છે. ત્યારે આ ગૌરવભેર 'સ્વમાન લગ્ન' નો નિર્ણય આવકાર્ય છે. આ યોજનાનો લાભ લેવા ઈચ્છુક વડિલોએ વહેલાસર સંપર્ક સાધવા વિનંતી.

AC લગ્ન સ્થળ અને ઑફિસ

શ્રી જીવરાજ ભાણજી શાહ સ્મારક ટ્રસ્ટ,
અશોક નગર, મેહુલ ટોકીઝની બાજુમાં, નાહુર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૦
ફોન : 022-25909007 / 022-25618330 / 9820009150

આયોજક ટ્રસ્ટી ગણ

ચેરમેન	:	શ્રી જગશી જેઠાભાઈ છેડા	(લાયજા)	ટ્રસ્ટી :	શ્રી અરવિંદ મેઘજી છેડા (લાયજા)
મેનેજીંગ ટ્રસ્ટી	:	શ્રી રાજેશ ખીમજી શાહ	(રાયણ)	ટ્રસ્ટી :	શ્રી નવીન ઉમરશી ગંગર (નાગલપુર)
મેનેજીંગ ટ્રસ્ટી	:	શ્રી વલ્લભ પ્રેમજી શાહ	(લઠેડી)	ટ્રસ્ટી :	શ્રી શાંતિલાલ શામજી સાવલા (રામાણીયા)
ટ્રસ્ટી શ્રી	:	જાદવજી મોણશી સાલીયા	(નાની ખાખર)	ટ્રસ્ટી :	શ્રી અરવિંદ લક્ષ્મીચંદ છેડા (લાયજા)

(CLB-25126)

NEEL PARI - 9322269742

શ્રી ગણેશાય નમઃ | શ્રી વિશલ માતાય નમઃ | શ્રી જખ્ખ બૌતેરાય નમઃ | શ્રી ક્ષેત્રપાલ દાદાય નમઃ

શ્રી વિશલ માતા ગાલા ભાવિક મંડળ - નાલાસોપારા

ગાલા કુળના કુળદેવી શ્રી વિશલ માતાજીની અસીમ કૃપાથી માતાજીના મંદિરની ૧૩ મી વર્ષગાંઠ ઉત્સવ તથા માતાજીની સમૂહ પહેડી

મહા સુદ-૨, રવિવાર, તા. ૨૬.૧.૨૦૨૦ ના રોજ આનંદસહ સુંદર રીતે સંપન્ન થવા બદલ ભાવપૂર્વક ખૂબ ખૂબ આભાર - ધન્યવાદ - ક્ષમાયાચના

અમો આભારી છીએ...

- નાલાસોપારામાં મંદિરની સ્થાપના : મહાસુદ-૨, સં.૨૦૬૩, તા. ૨૦.૧.૨૦૦૭ થી આજ સુધીના અવિરત દાતાશ્રી એવમ્ પાયાના પથ્થર : રૂા. ૫,૧૦૦, રૂા. ૫,૦૦૦, રૂા. ૨,૫૦૦ ના નિયમિત દાતાશ્રીઓ તથા યથાશક્તિ દાન આપનાર **સર્વે દાતાશ્રીઓના**...
- **શ્રી નાલાસોપારા સ્ટેશન અચલગચ્છ જૈન સંઘ** તેમજ સર્વે કમિટી મેમ્બરોના...
- સ્વાદિષ્ટ ભોજન બનાવનાર : **શ્રી શાંતી મહારાજ** તથા તેમની ટીમના... • મંડપ ડેકોરેશન : મનોજ ડેકોરેટરના શ્રી વિનોદ જાયસ્વાલ.
- સંગીતકાર : **શ્રી પ્રિતેશ કાંતિલાલ ગાલા (ભોજાય)** અને સાથી કલાકારો...
- માતાજીના દરેક પ્રસંગે સહયોગી : **શ્રી ક.વિ.ઓ. સ્થા. જૈન સંઘ - નાલાસોપારા (તુલીંજ).**
- સેવાભાવી : **શ્રી મહેન્દ્રભાઈ પાલણ ગાલા (વડાલા)** અમદાવાદ ગયા પછી મંદિરના વહીવટમાં સેવા આપનાર : **વાસંતીબેન મુલચંદ વોરા (નવીનાર)** તેમજ **દાદા-દર્શન સોસાયટીના**...
- મંદિરમાં સેવા-પૂજા કરનાર : **સોનલબેન દિનેશભાઈ સોલંડી.** • મંદિરને રંગ-રોગાન દ્વારા સુશોભિત કરનાર : **શ્રી રાજેશ ગાલા (કોટડા-રોહા).**
- પ્રારંભથી આજ સુધી પ્રસાદીના દાતા : **માતુશ્રી લીલબાઈ લખમશી પદમશી ગાલા (ગઢશીશા)**
- એન્ટ્રી કુપન, સફેદ વસ્ત્ર, બાંધણી સાડી, બાંધણી ડ્રેસ, લકી ડ્રોના દાતા, નાની/મોટી દરેક નિયાણી બહેનોને કવરના દાતા : **માતુશ્રી ભાનુબેન લક્ષ્મીચંદ ગાલા (ડોણ) - હ. પ્રિયલ તથા મિત.**
- દર વર્ષે નવરાત્રી તેમજ પહેડીના દિવસે માતાજીની નવી સુંદર ચુંદડીઓ, માળાઓ, સાડી, ચણીયાચોલી, સુકામેવાના પ્રસાદ વગેરેના લાભાર્થી : **માતુશ્રી લક્ષ્મીબેન ગાંગજી ગાલા (દેવપુર/ભુલેશ્વર) - હ. વનિતાબેન.**
- ચાર ચાંદ લગાડનાર સર્વે ઉત્સાહી **ગાલા ભાવિકો, નિયાણી બહેનો સહપરિવાર, આમંત્રિત મહેમાનો.**
- દિવસ/રાત જોયા વિના, પ્રસંગના દરેક કાર્યોમાં ભાગ લેનાર નાના/મોટા નામી/અનામી **સેવાભાવી કાર્યકર ભાઈ/બહેનો.**
- **દાન આપનાર દાતાશ્રી : રૂા. ૭,૫૦૦/- ના દાતાશ્રી : માતુશ્રી પ્રભાબેન પ્રેમજી ગાલા (પ્રતાપર)**
- **રૂા. ૫,૦૦૦/- ના દાતાશ્રી : માતુશ્રી લક્ષ્મીબેન ગાંગજી ગાલા - હ. વનિતાબેન (દેવપુર/ભુલેશ્વર), માતુશ્રી દેવકાબેન ખેરાજ લખમશી ગાલા (શેરડી), શ્રીમાન રાઘવજી ભવાનજી ગાલા (વડાલા), માતુશ્રી ચંચળબેન દેવરાજ કચરા ગાલા (કાંડાગરા), માતુશ્રી લીલબાઈ લખમશી પદમશી ગાલા (હ. રાજેશ - રાહુલ ગાલા - ગઢશીશા).**
- **રૂા. ૨,૫૦૦/- ના દાતાશ્રી :** માતુશ્રી મણીબેન નેણશી ગાલા (કાંડાગરા), શ્રીમતી ચંદ્રીકાબેન હરેશભાઈ ગાલા (કાંડાગરા), માતુશ્રી ખેતબાઈ લાલજી ગાલા (મેરાઉ), માતુશ્રી શાંતાબેન પોપટભાઈ ગાલા (કાંડાગરા), શ્રીમતી સુનિતા નિતીન ગાલા (કાંડાગરા), માતુશ્રી પુષ્પાબેન બિપીનચંદ્ર ગાલા (ભુજપુર), માતુશ્રી જવેરબેન ભવાનજી ગાલા – હ. પ્રફુલ-દિનેશ (વાંઢ), શ્રીમાન હરેશ શામજી ગાલા (ડોણ), માતુશ્રી જયાબેન સૂર્યકાંત ગાલા (કાંડાગરા), કેશવ સુટિંગ-શર્ટિંગ (કાંડાગરા), માતુશ્રી હંસાબેન પ્રેમજી ગાલા (કાંડાગરા), કોલેટી સુટિંગ-શર્ટિંગ (કાંડાગરા), શ્રીમતી દમયંતીબેન મહેન્દ્ર ગાલા (ભોજાય), માતુશ્રી જવેરબેન નાનજી ગાલા (કોટડા-રોહા), માતુશ્રી દેવાંબાઈ ખીમજી રતનશી ગાલા (કુમરા), માતુશ્રી પાનબાઈ આણંદજી નાગશી ગાલા –હ. શાંતીભાઈ (પત્રી), શ્રીમાન મનીષ સુરજી ગાલા (સાડાઉ), માતુશ્રી હેમલતાબેન વસનજી ગાલા (ભુજપુર), વીર રમેશ ગાલા (કાંડાગરા), શ્રીમતી વિદ્યાબેન હેમલ ગાલા (ગોધરા), શ્રીમાન લક્ષ્મીચંદ દેરાજ ગાલા (પત્રી), શ્રીમાન હેમચંદ લાલજી ગાલા (મેરાઉ), શ્રીમાન પિયુષ કલ્યાણજી ગાલા (મેરાઉ), શ્રીમતી જયોતિબેન સંજય રતીલાલ ગાલા (દેશલપુર), શ્રીમતી વિદ્યાબેન સચિન ગાલા (કાંડાગરા), માતુશ્રી લીલાવંતી ખીંયશી વીરજી ગાલા (ભોજાય), શ્રી ખીંયશી વીરજી ગાલા (ભોજાય), માતુશ્રી લક્ષ્મીબેન મુરજી રતનશી ગાલા (સમાઘોઘા), માતુશ્રી ભાનુબેન લક્ષ્મીચંદ ગાલા –હ. પ્રિયલ, મિત (ડોણ), મૉ વિશાલ ટ્રેડર્સ (ડોણ), શ્રી લક્ષ્મીચંદ લાલજી ગાલા (છસરા), માતુશ્રી હેમકુંવરબેન પ્રેમજી લાલજી ગાલા (હ. શ્રીમતી કલ્પનાબેન ચેતન ગાલા (વડાલા), શ્રીમતી ચંદનબેન નરેન્દ્ર ગાલા (નાંગલપુર), માતુશ્રી પ્રભાબેન પોપટલાલ હીરજી ગાલા (રામાણીયા), અહાના મિહીર વસંત ગાલા (કોટડા-રોહા), શ્રીમાન વિશાલ ખુશાલ મુરજી ગાલા (મકડા/હાલે ગઢશીશા), માતુશ્રી પુરબાઈ હીરજી પુનશી ગાલા (દેવપુર), શ્રીમતી કાજલ મનોજ ગાલા (કાંડાગરા), સ્વ. વેલજી શામજી ગાલા (છસરા), શ્રીમાન વિપુલ દામજી ગાલા (વડાલા), માતુશ્રી ખેતબાઈ વસનજી જેઠાભાઈ ગાલા –હ. જય, જીત, કુસુમ શાહ (મકડા), માતુશ્રી મઠાંબાઈ વીરજી રામજી ઘના ગાલા પરિવાર (મોટા લાયજા), માતુશ્રી અમૃતબેન ઉમરશી ગાલા (કુમરા), ઉર્મિલાબેન શાંતિલાલ ગાલા (ગુંદાલા), શ્રીમતી અલ્પા રાજેશ રતીલાલ ગાલા (દેશલપુર), માતુશ્રી ગુણવંતીબેન તલક ગાલા (કાંડાગરા), શ્રીમાન માવજી પચાણ ગાલા (કોટડા-રોહા), માતુશ્રી જવેરબેન નાગજી ગાલા (કાંડાગરા), શ્રીમાન પ્રકાશ કુંવરજી ગાલા (કાંડાગરા), શ્રીમાન કાંતિલાલ મેઘજી ગાલા (માપર/હેમ ગ્રુપ), શ્રીમાન ખુશાલ વીરજી ગાલા (કાંડાગરા), શ્રીમાન સૌરભ રાજેશ ગાલા (મોખા), શ્રીમાન વિનોદ લક્ષ્મીચંદ ગાલા (મેરાઉ), માતુશ્રી સુંદરબેન લીલાધર ખીમજી ગાલા–હ. રાજેશ ગાલા (કોટડા-રોહા), માતુશ્રી હીરબાઈ જયંતિલાલ ગાલા (કોટડા-રોહા), શ્રીમાન મનીષ વલ્લભજી ગાલા (દેવપુર), શ્રીમાન ધીરજભાઈ કલ્યાણજી ગાલા (ચિયાસર), શેઠશ્રી બચુભાઈ ઉર્ફે દેવજી રામજી ગાલા–હ. વસંત વસ્ત્રાલય : હિંદમાતા –રાજેશ ગાલા (દેશલપુર), રેવાબેન મુરજી ગાલા (ઉનડોઠ), શ્રીમતી કસ્તુરબેન ભુપેન્દ્રભાઈ ગાલા (દેવપુર), શ્રીમાન પરેશ કલ્યાણજી ગાલા (મેરાઉ), શ્રીમાન કલ્યાણજી દેવજી ગાલા (ઉનડોઠ).
- **હોલ મધે અમુલ્ય ચડાવાઓના લાભાર્થીઓ :- હોલ મધે ધૂપને ધુમાડે - રૂા. ૧૫,૦૦૧/- : માતુશ્રી ભાનુબેન લક્ષ્મીચંદ નથુ ગાલા (ડોણ - હ. પ્રિયલ તથા મિત ગાલા)**
- **હોલ મધે વિશલ માની આરતી : ૨૨,૨૨૨/- .....માતુશ્રી રતનબેન રતિલાલ ગાલા - હ. શ્રીમતી જયોતિબેન સંજયભાઈ ગાલા (દેશલપુર) તથા માતુશ્રી પ્રભાબેન પોપટલાલ ગાલા (હ. શ્રીમતી જીગ્નાબેન રાજાભાઈ ગાલા (રામાણિયા)**
- **હોલ મધે જખ દાદાની આરતી : ૧૭,૯૧૭/- .....શ્રીમતી સુનિતાબેન નિતીનભાઈ ગાલા (કાંડાગરા)**
- **હોલ મધે થાળ : રૂા. ૨૦,૨૨૦/- .....શેઠશ્રી બચુભાઈ ઉર્ફે દેવજી રામજી ગાલા - હ. વસંત વસ્ત્રાલય - હિંદમાતા / રાજેશ ગાલા (દેશલપુર)**
- **મંદિરમાં અખંડ જયોત રૂા. ૪૫,૫૪૫/- ...માતુશ્રી રતનબેન રતીલાલ ગાલા - હ. શ્રીમતી જયોતિબેન સંજયભાઈ ગાલા, પંકિત - નિશાંત ગાલા (દેશલપુર), શ્રીમતી અલ્પાબેન રાજેશભાઈ ગાલા (દેશલપુર) તથા માતુશ્રી પ્રભાબેન પોપટલાલ ગાલા - હ. શ્રીમતી જીગ્નાબેન રાજાભાઈ ગાલા, કિના - મિત ગાલા (રામાણિયા)**

વર્ષ-૨૦૨૧, સંવત-૨૦૭૭, મહા સુદ-૨ નીં સંપૂર્ણ પહેડીના દાતાશ્રી

માતુશ્રી હેમકુંવરબેન પ્રેમજી લાલજી ગાલા - હ. કલ્પના ચેતન ગાલા (વડાલા) • માતુશ્રી પ્રભાબેન પ્રેમજી ગાલા - હ. કુસુમબેન રમેશ (પ્રતાપુર)

શ્રી કુળદેવી શ્રી વિશલ માતાજીની અસીમ કૃપાથી, દાતાશ્રીઓના દાનથી, સર્વે કમિટી તેમજ સેવાભાવી નાના-મોટા ભાઈ-બહેનોની અથાગ જહેમતથી વર્ષગાંઠ, ઉત્સવ તથા સમુહ પહેડીનું સુંદર - યશસ્વી આયોજન સંપન્ન થયેલ, છતાં પણ જાણતા-અજાણતા કોઈપણ ભાવિકોનું દિલ દુભાયું હોય તો અંતઃકરણથી **ક્ષમાયાચના.**

લિ. શ્રી વિશલ માતા ગાલા ભાવિક મંડળ - નાલાસોપારાના જય માતાજી

(CLC-107808)

Mob. : 9322263819

શ્રી મલાડ (ઈસ્ટ) ક.વિ.ઓ. જૈન સમાજ

MOKKSH 2019
Malad Overarm Kutchi Kricket Shrunkhla
Where Everyone Deserves to Play!

ઉદારદિલ દાતા દ્વારા શુભારંભ

Mokksh 2019 કમિટિ મેમ્બર્સ

SUUMAYA
THE BLENDED SOUL
Title Sponsor
Suumaya Lifestyle Limited

Highlights of Mokksh 2019

- ૧૫૦ ખેલાડીને પોતાની પ્રબળ દાવેદારી દાખવવાની તક આપી.
- મહીલા અને પુરૂષ ખેલાડીઓને એકસમાન મહત્વ આપ્યું.
- મહિલા અને પુરૂષ ખેલાડીની ફાઈનલ મેચ એક જ પીચ પર રમાડવામાં આવી.
- દરેક ખેલાડીઓને બ્રેકફાસ્ટ, લંચના ૩ કુપન આપવામાં આવ્યા.
- ૪૦૦ થી વધારે પ્રેક્ષકોએ મેચ નિહાળી અને ખેલાડીઓને પ્રોત્સાહન આપી ચાર ચાંદ લગાવ્યા.

પુરૂષ વીનર ટીમ

મહિલા વીનર ટીમ

પુરૂષ વીનર ટીમ	પુરૂષ રનરઅપ ટીમ	મહિલા વીનર ટીમ	મહિલા રનરઅપ ટીમ
Newtrition Chasers	**The A Team**	**Born to Play**	**Team Dabangg**
પ્રબોધ રાઘવજીભાઈ ગાલા	**વિશાલ ગાલા**	**હેનિલ ઘરોડ**	**શિલ્પા નિતિન સત્રા**
વિનિત પ્રબોધ ગાલા (મેરાઉ)	**અભિષેક ગાલા (સમાઘોઘા)**	**નિમેષ ઘરોડ (લાખાપુર)**	**ચાંદની નયન સત્રા (લાખાપુર)**
વિનીત પ્રબોધ ગાલા (મેરાઉ)	વિશાલ શૈલેષ ગાલા (સમાઘોઘા)	ડીમ્પલ મુકેશ સાવલા (પત્રી)	અવની વિશાલ દેઢિયા (તલવાણા)
વિશાલ ચંદુલાલ નાગડા (કુમરા)	અભીષેક જયેશ ગાલા (સમાઘોઘા)	પલક નીતીન ગોસર (સાભરાઈ)	કિશા કેકીન કુરીયા (બિદડા)
અંકિત ભરત ગોગરી (પત્રી)	નીરવ જયંતીલાલ શાહ (કોડાય)	ચૈત્રી ધીરજ નાગડા (કુમરા)	નયના પ્રિતેશ શાહ (બિદડા)
સંજય ગીરીશ ગાલા (ના. આસંબિયા)	જીમીત લક્ષ્મીચંદ મારૂ (લાખાપર)	જાગૃતી ભાવેશ વિસરીયા (હાલાપુર)	દીપીકા મીતેશ શાહ (બિદડા)
અંકીત અશ્વીન ગંગર (બિદડા)	સિદ્ધાર્થ મહેશ સાવલા (ડેપા)	રેખા રાહુલ ગાલા (દેશલપુર)	દર્શના કલ્પેશ શાહ (બિદડા)
જીગર પ્રફુલ કારાણી (કુમરા)	વિશાલ મુલચંદ વોરા (પ્રાગપુર)	ઉર્વી મણીલાલ ગોસર (કુમરા)	કોલી નિખીલ છેડા (વડાલા)
અંકીત હીતેન સાવલા (ગુંદાલા)	જીગર રમણીક શેઠીયા (પ્રતાપુર)	ઘાનેરી દીપેશ ઘરોડ (મોખા)	બીના હીતેશ શાહ (નાની ખાખર)
નીરવ રાજેશ વિસરીયા (ગઢશીશા)	પારસ હસમુખ છાડવા (ગુંદાલા)	હેતલ ભાવિન સાવલા (બિદડા)	રીધ્ધી રાજેશ દેઢિયા (બેરાજા)
ધીરેન પ્રવિણ કુરીયા (નાની ખાખર)	મયંક દીલીપ સાવલા (પત્રી)	સેજલ રીતેશ દેઢીયા (તલવાણા)	જીગ્ના કેતન ગોસર (કુમરા)
રોમેશ કાંતીલાલ લાલન (કોણ)	કેતન છગનલાલ વીરા (મેરાઉ)	રીતી જીગ્નેશ દેઢીયા (ભુજપુર)	ઝીલ પંકજ છેડા (રાયણ)
રાજ કીર્તી મામણીયા (મેરાઉ)	શ્રેયશ વિજય છેડા (મોખા)	પુનમ હીતેશ ઘરોડ (સમાઘોઘા)	આરૂશી નિતીન આગતે (મારૂ) (કોડાય)
ધવલ રાજેશ મારૂ (ડેપા)	ભાવેન ડાયાલાલ ગાલા (છસરા)		
દીવ્ય મગન દેઢીયા (ભુજપુર)			

(CLC-107815)

શ્રી મલાડ ઈસ્ટ ક.વિ.ઓ. જૈન સમાજ પ્રસ્તુત કરે છે

METCL-2020 - મલાડ ક.વિ.ઓ. ટર્ફ લીગ

શનિવાર, તા. ૧૮ એપ્રિલ અને રવિવાર, તા. ૧૯ એપ્રિલ ૨૦૨૦

Title Sponsor
SUUMAYA
THE BLENDED SOUL

Malad KVO Turf League

પ્રતિયોગિતાની ઝલક

- મલાડની સૌથી મોટી ક્રિકેટ ટુનામેન્ટ જેમાં ૨૫૦થી વધારે ખેલાડી ભાગ લેશે.
- અંદાજીત ૨૦ મહીલા/પુરૂષ ટીમો વચ્ચે METCL 2020 કપ જીતવા હરીફાઇ

રજીસ્ટ્રેશન તા. ૬ ફેબ્રુઆરી સુધી

- દરેક ખેલાડીઓને ઓછામાં ઓછું એકવાર બેટીંગ કરવાની તક
- દરેક ખેલાડીને ૨ કુડ કુપન અને METCL 2020 આકર્ષક જર્સી

રજીસ્ટ્રેશનની વધુ જાણકારી માટે સંપર્ક :
